## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ફસાઈ ગયાને સર... હું કહેતી હતી કે, થોડા રૂપિયા મારા માટે વાપરો... બધા રૂપિયા વાઈફને આપ્યા અને તેણે સાચવી રાખ્યા... હવે આવકથી વધુ સંપત્તિનો હિસાબ આપજો....!!



સહકારી પ્રાથમિક શાળા સે. ૧૬ ગાંધીનગર ખાતે સીઆરસી કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજાઈ ગયુ. જેમાં સીઆરસી સેક્ટર-૧૬ની ચાર શાળાઓએ ભાગ લીધો હતો. આ ચાર શાળાના કુલ ૨૬ બાળ વૈજ્ઞાનિકો તથા માર્ગદર્શક શિક્ષકો સાથે પાંચ વિભાગોમાં ભાગ લઈ પોતાના વૈજ્ઞાનિક વિચારોને કૃતિઓ દ્વારા રજુ કર્યા. સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૧૬ ગાંધીનગરના તમામ વિદ્યાર્થીઓ, એસ.એમ.સી.ના સભ્યો, શિક્ષકો, ગ્રામજનો તથા આજુબાજુની શાળાઓના વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનને નિહાળ્યુ. જાણીતા સામાજિક અગ્રણી તથા એડવોકેટ પ્રદિપસિંહ વાઘેલાના હસ્તે પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ. બપોરે ચા-નાસ્તો આપવામાં આવ્યો. નિર્ણાયક દ્વારા તમામ કૃતિઓનું નિરિક્ષણ કરી બાળ વૈજ્ઞાનિકોને વિવિધ પ્રશ્નો પુછી તેમની કૃતિનું મુલ્યાંકન કર્યુ અને ચેલી બાળ વૈજ્ઞાનિકોને જનરલ નોલેજ બુક, પેન તથા પ્રમાણપત્ર અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. શાળાના તમામ સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા ખુબજ જહેમત ઉઠાવી. શાળાના આચાર્યએ તમામનો આભાર માની કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# સે. ૨૭માં રહેણાંક વિસ્તારમાં ચાલતી ચાર દુકાનોને સીલ




ગાંધીનગર શહેર વિસ્તારમાં ઠેર ઠેર રહેણાંક વિસ્તારમાં વાણીજ્ય પ્રવૃત્તિઓ માટે દુકાનો બની ગઈ છે અને હેતુફેર કરીને વેપારીઓ બિન્દાસ ધંધો કરી રહ્યા છે. હવે કોર્પોરેશન દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. શહેરના સેક્ટર-૨૭ સ્વસ્તીક સોસાયટી ખાતે મહેશભાઈ પ્રજાપતિએ મકાનમાં વાણીજ્ય પ્રવૃત્તિઓ માટે દુકાનો બાંધી દીધી હોવાની ફરિયાદો મળતા આજે બાંધકામ શાખા તેમજ દબાણ શાખા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. દબાણ શાખાના અધિકારી મહેશ મોડ તથા બાંધકામ શાખાના અધિકારી અને ટીમે આજે ચારેય દુકાનો સીલ કરી દીધી હતી. મહેશ સાયકલ એન્ડ ઓટો સર્વિસ, સિદ્ધેશ્વરી પાન પાર્લર, ગણેશ હેર એન્ડ કેર અને શ્રી વેરાઈ રેફરીઝેશન નામની ચારેય દુકાનોને સીલ મારી દેવામાં આવતા શહેરમાં અન્ય વેપારીઓ કે જે રહેણાંક ક્ષેત્રમાં દુકાનો ખોલીને વાણીજ્ય પ્રવૃત્તિઓ કરી રહ્યા છે તેમનામાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# એપોલોનો ડૉક્ટર પાકિસ્તાનથી આવ્યા હોવાનું તપાસમાં ખુલ્યુ

ગાંધીનગર, તા. ૯

એપોલો હોસ્પિટલમાં ડેન્ગ્યુની બિમારીની સારવાર માટે દાખલ થયેલી શહેરની ૨૨ વર્ષિય યુવતી પર આઈસીયુમાં ડૉક્ટર અને સ્વીપરે મળીને બળાત્કાર ગુજાર્યો હોવાની ફરીયાદ અડાલજ પોલીસ મથકમાં નોંધાયા બાદ ડૉ. રમેશકુમાર ભુરાલાલ ચૌહાણ અને સ્વિપર ચંદ્રકાન્ત ઉર્ફે ચંદુ ગોવિંદ વણકરની અડાલજ પોલીસે ધરપકડ કરી લીધી હતી. બંનેની ધરપકડ કરી સુઘડ પીએચસી ખાતે મેડીકલ માટે લઈ ગયા બાદ બંનેના સેમ્પલ તપાસ અર્થે અમદાવાદ એફએસએલ ખાતે મોકલ્યા હોવાનું ઈન્વેસ્ટીગેશન ઓફીસરે જણાવ્યું છે. ડૉક્ટર સહિત બંને આરોપીઓની પુછપરછ માટે કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. આરોપીઓના ઈન્ટ્રોગેશનમાં વધુ એક વિગત બહાર આવી છે. આરોપી ડૉ. રમેશકુમાર ચૌહાણ મુળ પાકિસ્તાનનો છે અને લીયાકત યુનિવર્સિટી, સિંધ ખાતેથી તેમણે એમ.બી.બી.એસ. કરેલ છે. વર્ષ ૨૦૧૪માં જ વર્ક રેસીડેન્શીયલ પરમીટ પર આ ડૉક્ટર અહી આવ્યા હતા અને એપોલો હોસ્પિટલમાં સેવા શરૂ કરી હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યુ છે. આરોપીઓએ બળાત્કાર કર્યો છે કે કેમ ? તે સહિતની સઘન પુછપરછની સાથોસાથ ઈન્વેસ્ટીગેશન ચાલી રહ્યું છે.

## દહેગામની યુવતીના પેટમાંથી ૫ કિલોની ગાંઠ નીકળી

દહેગામની એક અપરણીત યુવતીના પેટમાંથી ૫ કિલોની ગાંઠ સફળતાપૂર્વક શસ્ત્રક્રિયા કરી અને દૂર કરવામાં આવી છે. શહેરની એક ખાનગી હોસ્પિટલમાં આ શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. હોસ્પિટલના તબીબ ડૉ. પ્રદિપ ભાવસારે જણાવ્યુ હતુ કે આ અંડપિંડની ગાઠ હતી.

બે કલાક સુધી ચાલેલી શસ્ત્રક્રિયા દરમ્યાન ૪ બોટલ લોહી યુવતીને ચડાવવુ પડ્યું હતું. હાલ યુવતીને રાહત છે અને તેમની તબિયત સારી હોવાનું તબીબે જણાવ્યું છે. પેટમાં સતત વિકસી રહેલ ગાંઠથી આ યુવતી પિડાતી હતી અને તેણીનીને સારવાર માટે ગાંધીનગર લાવવામાં આવી હતી. જ્યાં પરીક્ષણ બાદ આ શસ્ત્રક્રિયા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## સે-૧૪માં ખુલ્લેઆમ બાંકડા પર બેસીને જુગાર રમતા ચાર પકડાયા

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૧૪ ખાતે સ્થિત બાપા સીતારામની મઢુલીની બાજુમાં બાંકડા ઉપર બસીને ખુલ્લેઆમ કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતા સે-૭ પોલીસે દરોડો પાડીને શકુનીઓને પકડયા હતા. પોલીસને જોઈને બાજી ફેંકીને ત્રણ શખ્સો તો નાસી ગયા હતા જયારે ચાર પકડાઈ ગયા હતા. પોલીસે ચારની રૂ. ૬૩,૭૩૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરીને ફરાર અન્ય ત્રણ શકુનીઓની શોધખોળ શરુ કરી છે.

સે-૭ પોલીસ મથકના ડીસ્ટાફ પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમે ગઈ સમી સાંજે સેકટર-૧૯ ખાતે બાતમીને આધારે દરોડો પાડયો હતો. સે-૧૪ ગુપ્તા કોમ્પ્લેક્ષ નજીક બાપા સિતારામ મઢુલીની બાજુમાં બાંકડા ઉપર કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હતા. નજીકમાં જ ગણેશ મહોત્સવ ઉજવણી ચાલતી હોય છે. પોલીસે દરોડો પાડતા જુગાર રમી રહેલા ત્રણ શખ્સો બીજીસ સોલંકી, અભિષેક સકસેના અને જીગર વિનોદ દરજી બાજી ફેંકીને રફુચક્કર થઈ ગયા હતા જયારે અન્ય ચાર શખ્સો ધવલ હરીપ્રસાદ સાધુ, સાગર જેતસીંગ પરમાર, આકાશ અશ્વિન ભાવસાર અને મુકેશ વાઘજી મકવાણા (તમામ રહે સે-૧૪) પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. સે-૭ પોલીસે સાત શખ્સો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી ચારની ધરપકડ કરી લઈ રોકડ રૂ. ૧૧૨૩૦, ત્રણ મોબાઈલ અને બે બાઈક મળી કુલ રૂ. ૬૩૭૩૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર આરોપીઓની શોધખોળ શરુ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

- રાજ્યના મુખ્ય સચિવ સોમવારે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ખેલ મહાકુંભ, કાયદો-વ્યવસ્થા સહિતની બાબતોની જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા કરશે.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ આજે શાખાધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓની સંયુક્ત બેઠક યોજી હતી અને અમલીકરણ બાબતે ચર્ચાઓ ત્રણ કલાકથી વધુ સમય માટે કરી હતી.
- રાજ્યના પ્રા. શિક્ષણ અંગે ઉત્તર ગુજરાત વિભાગની સમીક્ષા બેઠક ખેરવા ખાતે યોજાઈ હતી.
- રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વૈન હાલ એક પુસ્તક લખી રહ્યા છે.
- આજે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ છે. પાટનગરમાં પણ એક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વાવોલના બે કમળાના કેસ નોંધાયા છે.
- આજની તારીખ ગજબની તારીખ છે. તેનો સરવાળો નવ છે. આજે ૯-૯-૨૦૧૬ છે. નવ એ પૂર્ણાંક છે અને નવ તારીખ, નવમો મહિનો અને વર્ષના અંકનો સરવાળો કરો તો પણ નવ આવે. આખી દિનાંકનો સરવાળો કરો તો પણ નવ આવે છે. અંકશાસ્ત્રીઓ આજના દિવસને મુખ્ય મહત્વનો લેખાવી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હીના પટેલ મોટર માર્ગે મુંબઈ જતા હતા ત્યારે રસ્તામાં તેમને અકસ્માત થયો છે અને હાથે ફેક્ચર થયુ છે. હાલ તેમની તબિયત સારી છે.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

ગેરન્ટેડ ગિફ્ટ કૂપન ચોંટાડવાનું ફોર્મ

1 2 3 4 5 શુભ

6 પાટનગરનું પોતાનું અખબાર ગાંધીનગર સમાચાર 7 8 9 10 11 12 13 દિપાવલી

14 15 16 17 18 19 20 21

22 23 24 25 26 27 28 29

30 31 32 33 34 35 36 37

38 39 40 41 42 43 44 45

46 47 48 49 50 51 52 53

54 55

રાધે Prem Ni Mithaas

પાટનગરનું પોતાનું અખબાર ગાંધીનગર સમાચાર

* શરતોને આધીન.

*(૧) પહેલી કૂપન પ્રસિદ્ધ થયા બાદ આ યોજના ચાલુ થશે, જે ૫૫ કૂપન પ્રસિદ્ધ થશે ત્યાં સુધી ચાલશે.
(૨) આ દરમિયાન જે કૂપનો છપાય તે બધી જ આ ફોર્મમાં ચોંટાડવાની રહેશે.
(૩) ગિફ્ટ મેળવવા માટે ૫૫ કૂપનો ફોર્મમાં ચોંટાડવી ફરજિયાત છે. (૪) યોજનામાં કૂપનની ઝેરોક્ષ, ફાટેલી કૂપન કે અધૂરું ભરેલ ફોર્મ સ્વીકારાશે નહી.
(૫) એકપણ કૂપન ચોંટાડયા વગરનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. (૬) આ યોજના કોઈપણ સૂચના આપ્યા વગર કોઈપણ સમયે રદ કરવાનો અને નિયમોમાં ફેરફાર કરવાનો હક્ક યોજના પહેલાં અને પછી ફક્ત ગાંધીનગર સમાચાર પાસે રહેશે.
(૭) ગિફ્ટ કૂપન ચોંટાડવાના ફોર્મમાં ગ્રાહકે પોતાની વિગત ભરવી અત્યંત જરૂરીછે.

નામ :..............................

સરનામું :..............................

ફોન :.................મોબાઈલ :.................

આપના અખબાર વિતરક પાસેથી ગાંધીનગર સમાચાર માંગો, આજથી જ...

Concept & Design By : PARAM Designs 99790 12234